# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૬ તા.૧૧-૦૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૯૮૩૮-૯૯૧૩ તા.૦૯-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમલર્નિંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ અને ઓગષ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામાયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

- સપ્ટેમ્બર માસમાં તા.૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન ધોરણ ૩ થી ૪માં ગુજરાતી અને ગણિત, ધો.૫માં ગુજરાતી,અંગ્રેજી અને હિન્દીની કસોટી લેવાશે. પર્યાવરણ અને ધોરણ ૬ થી ૮માં ગુજરાતી,અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયની કસોટી લેવાશે.
- તા.૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન કસોટી યોજવામાં આવનાર છે. તા.૨૫-૦૯-૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપી પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૫-૦૯-૨૦૨૦ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પર QR કોડમાં પણ જોઈ શકાશે.
- કસોટીની ઉત્તરવહી તા.૫-૧૦-૨૦૨૦ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તેવું સુનિશ્ચિત કરવું.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે-તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યાં હિન્દી માધ્યમમાં ગુજરાતી(દ્વિતીય ભાષા)ની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યાં અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી(દ્વિતીય ભાષા)ની કસોટી લેવાની રહેશે.
- લર્નિંગ આઉટકમને ધ્યાને લઈ કસોટી તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઈ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહી.
- કસોટીના અભ્યાસક્રમના આયોજનની નકલ આ સાથે સામેલ છે.

સમગ્ર કસોટી દરમ્યાન કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/ 9838 - 9913
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: 04/09/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા.૨૮/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ અને ઓગસ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

સપ્ટેમ્બર માસમાં લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ધોરણ ૩ અને ૪ માં ગુજરાતી અને ગણિતની કસોટીઓ લેવાશે. ધોરણ ૫ માં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીની કસોટી લેવાશે જયારે ધોરણ ૬ થી ૮ માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયની કસોટીઓ લેવાશે. અત્રે ધ્યાન દોરવાનું કે શિક્ષણ વિભાગના તારીખ 12-02-2020 ના ઠરાવ મુજબ ગુજરાતી(પ્રથમભાષા), ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સમાન કસોટીઓ લેવાની હોય છે. આ વખતે આ ચાર વિષયો ઉપરાંતના જે વિષયો છે તે વિષયોની કસોટીઓ સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓ સ્વૈચ્છિક રીતે લઇ શકે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૫/૦૯/૨૦૨૦ ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયનાં પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code માં પણ જોઈ શકાશે.

- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહી તા. ૦૫/૧૦/૨૦૨૦ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યાં હિન્દી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યા અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી લેવામાં આવશે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટી તૈયાર કરવામાં આવશે. ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઈ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહિ. કસોટીના અભ્યાસક્રમની નકલ આ સાથે સામેલ છે.

સચિવ

જીસીઈઆરટી

ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ**

- માન.શિક્ષણસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી., એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

**નકલ રવાનાઃ**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# સામયિક મૂલ્યાંકન કસોટી (સપ્ટેમ્બર, ૨૦૨૦ આયોજન)

| ક્રમ | વિષય-પાઠ્યક્રમ | ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | વિષય | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3 | 3,4 | 3,4 | 3 to 6 | 3 to 7 | 3 to 7 |
| 2 | વિષય | ગણિત | ગણિત | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3,4 | 3,4 | Little Step 1 to 4 | 1,2 | 1,2,3 | 1,2,3 |
| 3 | વિષય | | | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | | | 1 to 5 | 1 to 6 | 1 to 6 | 1 to 6 |
| 4 | વિષય | | | | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| | પ્રકરણ (એકમ) | | | | 1 to 6 | 1 to 6 | 1 to 6 |

નોંધ: ઉપરોક્ત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષા તેમજ દ્વિતીયભાષા (ગુજરાતી) કસોટીઓમાં જે તે માધ્યમના અભ્યાસક્રમ આયોજન મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૬-A તા. ૧૧-૦૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ''શિક્ષક પર્વ-રાષ્ટ્રીય શિક્ષણ-નીતિ ૨૦૨૦ સંદર્ભે સંગોષ્ટી'' બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/DIKSHA/૨૦૨૦/૯૯૮૪-૧૦૫૦ તા.૧૦-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, માન. શિક્ષણમંત્રીશ્રીની સૂચનાથી શિક્ષણ વિભાગ દ્વારા ૫ મી સપ્ટેમ્બરથી શરૂ કરી ૨૫ મી સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી ''શિક્ષક પર્વ-રાષ્ટ્રીય શિક્ષણ-નીતિ ૨૦૨૦ સંદર્ભે સંગોષ્ટી''નું આયોજન કરેલ છે. ૮ મી સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર-૨૦૨૦ દરમ્યાન દરરોજ સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ કલાક દરમ્યાન વંદે ગુજરાત ચેનલ-૫ તેમજ ફેસબુક વર્ક પ્લેસ પર પ્રસારણ કરવામાં આવશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં પ્રસારિત થનાર કાર્યક્રમ વંદે ગુજરાત ચેનલ-૫ તેમજ સ્વયંપ્રભા ચેનલ-૩૧ પરથી જોવા મળશે. આ ઉપરાંત સામેલ બિડાણ પત્રકમાં દર્શાવેલ લીંક પરથી પણ કાર્યક્રમ નિહાળી શકાશે. ઓનલાઈન કાર્યક્રમમાં મુખ્ય શિક્ષકો, શિક્ષકોને જોડાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૯-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

ક્રમાંક: જીસીઈઆરટી/DIKSHA//2020 /99884-1050
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
ફોન:(079) 23256808
ઈ મેઈલ:- gcert12@gmail.com
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: 10/09/2020

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાસનાધિકારીશ્રી, (તમામ)

**વિષય – "શિક્ષક પર્વ – રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સંદર્ભે સંગોષ્ઠી" નિહાળવા બાબત...**

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે માન. શિક્ષણમંત્રીશ્રીની સૂચનાથી શિક્ષણ વિભાગ દ્વારા **5મી સપ્ટેમ્બરથી શરૂ કરી તા. 25મી સપ્ટેમ્બર, 2020 સુધી "શિક્ષક પર્વ – રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સંદર્ભે સંગોષ્ઠી"નું** આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન સંદર્ભે શિક્ષક પર્વ – રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સંદર્ભે સંગોષ્ઠી" (તબક્કો-2) અન્વયે તા. **8મી સપ્ટેમ્બરથી તા. 25મી સપ્ટેમ્બર, 2020 દરમિયાન દરરોજ સવારે 08:30 થી 10:00 દરમિયાન વન્દે ગુજરાત ચેનલ-5** તેમજ **ફેસબુક વર્કપ્લેસ** પર પ્રસારણ કરવામાં આવે છે.

**આ ઉપરાંત, રાષ્ટ્રીય કક્ષાએથી શિક્ષક પર્વ સંદર્ભે પ્રસારિત થનાર કાર્યક્રમ પણ 5મી થી 25મી સપ્ટેમ્બર, 2020 સુધી વન્દે ગુજરાત ચેનલ-5 તેમજ સ્વયંપ્રભા ચેનલ-31 પરથી જોવા મળશે. આ ઉપરાંત નીચે જણાવેલ લીંક પરથી પણ કાર્યક્રમ જોઇ શકાશે.**

1) www.mhrd.gov.in/shikshakparv/,
2) www.facebook.com/EduMinOfIndia,
3) www.twitter.com/EduMinOfIndia,
4) www.youtube.com/user/HRDMinistry

આથી, આપના જિલ્લામાં આ કાર્યક્રમ જોવા માટે તમામ શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને શિક્ષક પ્રશિક્ષકો આપની કક્ષાએથી પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| નિયામક, | નિયામક, | નિયામક, |
| જીસીઇઆરટી, | પ્રાથમિક શિક્ષણની કચેરી, | શાળાઓ કચેરી, |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |